<u>**સમરી અરજી નં......../૨૦૧૯**</u>

<u>**પોલીસ સ્ટેશન સે. ગુ.રજી.નંબર:....../૨૦૧૯ આંક–૧ અનવયે હુકમ**</u>

**.**

૧. આ કામે આરોપી સામે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(બી) મુજબ ગુન્હો કર્યાનો આરોપ છે.

૨. સદરહું ધારાની કલમ: ૧૫૨,જોવામા આવે તો તેમા ગુના માંડવાળ કરવાની જોગવાઈ કરવામા આવેલી છે.

૩. હાલના કામમાં સાબરમતી જી.યુ.વી.સી.એલ પો.સ્ટે અમદાવાદના ગુન્હાના તપાસ કરનાર અધિકારીએ કપાઉન્ડ ચાર્જ ભરી ગુન્હો માડવાળ કરવાનો રીપોર્ટ કરવામા આવેલ છે. તક.અધિકારી શ્રી તપાસના અંતે કાયદાકીય જોગવાઈ મુજબ સમાધાન કરવામાં આવેલ છે તેવો રીપોર્ટ કરેલ છે.આમ જયારે આરોપી સામે હાલનો આ કેસ આગળ ચલાવવા માટે કોઈ વાજબી કારણ જણાઈ આવતું ન હોઈ અને ધી ઈન્ડીયન ઈલેકટ્રીક સીટી ૨૦૦૩ ની કલમ: ૧૫૨ મા કરવામા આવેલ જોગાઈ ધ્યાને લેતા ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**::: <u>હુ ક મ</u> :::**

ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ: ૧૫૨, અન્વયે સદરહું ધારાની કલમ–૧૩૫(૧) બી અન્વયેનો ગુનો માંડવાળ કરેલ હોવાનો રીપોર્ટ રેકર્ડ કરવામાં આવે છે ભરેલ સમરી આથી મંજુર કરવામાં આવે છે.

આજ રોજ તારીખ: ૧૪/૧૨/૨૦૧૯ ના રોજ યોજવામા આવેલ સ્પેશીય મેજીસ્ટ્રેટ સીટીંગમા આ હુકમ જાહેર કરવામા આવે છે.

(ડી.બી.ગોહીલ)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૯, અમદાવાદ.
(જીજે–૦૦૭૫૭)

સ્થળ: અમદાવાદ.
તા.૧૪–૧૨–૦૧૯

(ડી.બી.ગોહીલ)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૯, અમદાવાદ.
(જીજે–૦૦૭૫૭)

સ્થળ: અમદાવાદ.
તા.૧૪–૧૨–૦૧૯

## *આરોપીની જુબાની.*

*હું, અમદાવાદના મહે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, કોર્ટ નં. ૧૯ ની રુબરુ હાજર થઈ લખાવુ છું કે,*

*મારૂ નામ :* *ઉ.વર્ષ*
*વ્યવસાય :* *રહે.*

*સવાલઃ* *તમોને પોલીસ પેપર્સની નકલો મળેલ છે?*
*જવાબઃ* *હાજી સાહેબ. મને પોલીસ પેપર્સની નકલો મળેલ છે.*

*સવાલઃ* *તમોને આંક– ....................થી ફરમાવેલ તહોમતનામા મુજબનો ગુનો કબુલ છે કે કેમ?*
*જવાબઃ* *મને ગુનો કબુલ છે. મારે કેસ આગળ ચલાવવો છે.*

*............................................................* *મારા રુબરુ.*
*(આરોપીની સહી / અંગુઠાનું નિશાન)*

**અમદાવાદ.**
**તા.૧૪/૧૨/૨૦૧૯.**

*(દિલીપસિંહ ભાવસિંહજી ગોહીલ),*
*એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,*
*કોર્ટ નં. ૧૯, અમદાવાદ.*

**ક્રિ.કેસ.નં.**

## આંક–૧ લગત હુકમ

આજ રોજ આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર છે. નામદાર વડી અદાલત તથા ચીફ મેટ્રો. પોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટના આદેશ અનુસાર આજ રોજ આ કોર્ટને સ્પેશ્યલ સીટીંગ પાર્વસ મળેલ છે.

આરોપી સામે આજ રોજ મજકુર ગુનાનું તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવતા અને આરોપીનું નિવેદન લેતા આરોપી પોતે ગુનો કબૂલ હોવાનું જણાવે છે. અને તે લગત ઈલાયદા કબૂલાત પુરસીસ પણ રજુ કરેલ છે. અને જણાવે છે કે તેઓની સામે પ્રથમ ગુનો છે. તે બદલ પસ્તાવો વ્યકત કરે છે અને પોતે કુટુંબ કબીલાવાળા ઈસમ હોય અને કુટુંબની જવાબદારી પોતાના શીરે હોય

તેમજ  કાયદાની અજ્ઞાનતાના કારણે ગુનો બનવા પામેલ છે. અને પોતાની ઉપર કુટુંબની જવાબદારી હોય અને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરી છે.

આરોપીને પુછતા સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરે છે. તેને કોઈ  પણ પ્રકારનું લોભ, લાલચ, પ્રલોભન કોઈપણ રીતે આપવામાં આવેલ હોવાનું જણાતું નથી. અને આરોપી સ્વૈચ્છીક કબૂલાત કરતા હોય તે કબૂલાત આ કોર્ટ ધ્વારા આજ રોજ  સ્પેશ્યલ સીંટીંગમાં રેર્કડ કરવામાં આવેલ છે.આરોપીની કેફીયત ધ્યાને લેતા તેની સામાજીક અને આર્થિક પરિસ્થિતિ તેમજ ગુનાની અજ્ઞાનતાના કારણે ગુનો થયેલ હોવાનું અને તે બદલ પસ્તાવો વ્યકત કરતો હોવાની તમામ હકીકત આ કોર્ટ ધ્વારા નજરે લઈ સાથે સાથે ગુજરાત **પ્રોહી.એકટની કલમ ૬૫ એ એ** ની જોગવાઈ માનસહ વંચાણે લેતા તે નીચે મુજબ છે.

**<u>ગુ.પ્રોહી. કલમ ૬૫ એ. એ. અલ્પમાત્રા માટે સજા</u>**

જો કોઈ વ્યકિત રાજય સરકારે રાજયપત્રમાં જાહેરનામાથી નિર્દિષ કર્યા પ્રમાણેના જથ્થાથી ઓછા જથ્થામાં કોઈ કેફી પ્રદાર્થ વેચે, ખરીદે, કબજામાં રાખે, અથવા હેરફેર કરે, તેને દોષિત કરેથી દરેક ગુના માટે ૩ વર્ષ સુધીની કેદની અને દંડની સજા કરી શકાશે.

આમ, ઉપરોકત જોગવાઈ માનસર વંચાણે લેતા મજકુર ગુના સબબ વધુમાં વધુ ત્રણ વર્ષ સુધીની કેદની સજા  કરી શકાશે.

ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા તેમજ ***<u>હાલમાં જ રાજય સરકારે પ્રસિધ્ધ કરેલ જાહેરનામું જોતા ૨૦ લીટર કરતા ઓછો દારૂનો જથ્થો હોય તો તેને અલ્પ માત્રમાં ગણી શકાશે.</u>*** અને તે ધ્યાને લેતા હાથ પરના કેસમાં આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ દેશી દારૂનો જથ્થો ૨૦ લીટર કરતા ઓછો છે. વળી આરોપી સામે ચાર્જશીટ જોતા તેમા પણ **કલમ– ૬૫ એ એ** મુજબનો ગુનો નોધેંલ હોવાનું ફલિત થાય છે. અને આ કોર્ટ ધ્વારા પણ આરોપી સામે કેવળ **૬૫ એ એ** મુજબ તહોમતનામું ફરમાવેલ છે અને તે જોતા આરોપીને મજકુર ગુના સબબ સુધીની સજા અને દંડ કરી શકાય તેમ છે.

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીની  આર્થિક તેમજ સામાજીક સ્થિતિ ગુનો થયો

તે વખતના પરિબળો આરોપીની માનસિકતા અને આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરતા હોય તેમજ ગુના બદલ પસ્તાવો પણ વ્યકત કરતા હોય તેવા સંજોગોને ધ્યાને લેતાં તેમજ આરોપી સામે અન્ય કોઈ ગુનાહીત ઈતિહાસ હોવાની કોઈ હકીકત રેકર્ડ પર ખુલવા પામેલ ન હોય કે ચાર્જશીટમાં આ બાબતની કોઈ વિગતો દર્શાવેલ ન હોય તે તમામ હકીકતને લક્ષમાં લેતા સાથે સાથે કાયદાનો હેતુ ગુનેગારને માત્ર સજા નહી પરંતુ તેને સુધારવાની તક આપી સમાજમાં તેઓનું પુર્નવસન થાય અને સમાજમાંથી આવી બદીઓ દુર થાય તે જોવાનું છે. તે તમામ હકીકત લક્ષમાં લેતા અને આરોપી પોતે ગુના બદલ પસ્તાવો વ્યકત કરતો હોય અને સમગ્ર રેર્કડ જોતા આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ જણાતો ન હોય આરોપીને ગુનાની મહત્તમ સજા કરવી આ કોર્ટને યોગ્ય, વાજબી અને ન્યાયોચિત જણાતું નથી.

આ કોર્ટ ધ્વારા નામદાર વડી અદાલત નટવરભાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાના સિધ્ધાંતને પણ ધ્યાનમાં લીધું છે અને આરોપીની ઉપરોકત તમામ પરિસ્થિતિને નજરે રાખી આરોપીને સુધરવાની તક મળી રહે તેવો ન્યાયિક હેતુ ધ્યાને લેતા મજકુર ગુના સબબ આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૫૦૦/–નો દંડ ફરમાવવાનો હુકમ કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાશે. તેમ ઠરાવી આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૪૧ અંતર્ગત તકસીરવાર ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું

## <u>–:આખરી હુકમ:–</u>

આરોપીને સી.આર.પી.સી.ની કલમ–૨૪૧ અંતર્ગત ગુજરાત **પ્રોહી. એકટની કલમ–૬૫ એ એ** ગુનાના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૫૦૦/– નો દંડ અને દંડ ન ભરે વધુ ૫ દીનની સાદી કેદની સજાનો હુકમ ફરમાવું છું. મુદ્દામાલ દારૂનો જથ્થો અપીલ સમય બાદ નાશ કરવો આ સિવાય કોઈ વેલ્યુએબલ મુદ્દા માલ બાબતે અથવા વાહન બાબતે વચગાળાની કસ્ટડીનો હુકમ કરેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪મી માહે ડીસેમ્બર સને ૨૦૧૯ ના રોજ સ્પે.મેજી.શ્રી.ની સીટીંગમાં વાંચી સંભળાવીને આદેશ કરવામાં આવે છે.

(ડી.બી.ગોહીલ)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૯, અમદાવાદ.
(જીજે-૦૦૭૫૭)

સ્થળ: અમદાવાદ.
તા.૧૪-૧૨-૦૧૯